જિલ્લા નાયબ નિયામક (વિકસતી જાતિ)ની કચેરી
જિલ્લા સેવા સદન, જુની કોર્ટ બિલ્ડીંગમાં, બહુમાળી ભવન કેમ્પસ, નાનપુરા, સુરત

ફોન/ફેકસ : ૦૨૬૧-૨૪૬૦૬૯૮ email : d.dirsurat@gmail.com

નં જિનાનિ/વિ.જા.ક/સાયકલ/૨૦૨૪-૨૫/ 3826 તા.૩૦/૧૧/૨૦૨૪

ડિજિટલ ગુજરાત પોર્ટલ

પ્રતિ,
આચાર્યશ્રી,
માધ્યમિક શાળા તમામ
(ફક્ત સરકારી અને ગ્રાંટ ઇન એઇડ શાળાઓ)
જિલ્લો – સુરત

વિષય:-વર્ષ :૨૦૨૪-૨૫ અંતર્ગત સરસ્વતી સાધના યોજના હેઠળ ધોરણ -૯ની કન્યાઓને આપવાની થતી સાયકલ સહાય યોજના ના અમલ બાબત
**(Website: https://www.digitalgujarat.gov.in)**

ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે,અત્રેની કચેરી ધ્વારા સરસ્વતી સાધના યોજના હેઠળ રાજ્યની સરકારી અને ગ્રાંટ- ઇન- એઇડ માધ્યમિક શાળાઓમાં અભ્યાસ કરતી સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ અને આર્થિક રીતે પછાત વર્ગની ધોરણ – ૯ની કન્યાઓને લેડીઝ મફત સાયકલ ભેટ આપવાની યોજના અમલમાં છે. સદર યોજના હેઠળ ધોરણ-૯ ની કન્યાઓને મફત સાયકલ ભેટ આપવાની યોજના અન્વયે વર્ષ-૨૦૨૪-૨૫ માટે સાયકલોની દરખાસ્ત રાજ્ય સરકારશ્રી દ્રારા **Digital Gujarat Portal**ડેવલોપ કરવામાં આવેલ છે. શાળાના આચાર્યશ્રીઓના સહકારથી ઉક્ત પોર્ટલ મારફત વિદ્યાર્થીઓની ઓનલાઇન દરખાસ્તો મંગાવી સાયકલ સહાય યોજનાની કામગીરી કરવામાં આવેછે.

- શાળાએ ઓનલાઇન દરખાસ્ત કરવા માટે ધ્યાનમાં રાખવાના મુદ્દા:

૧. વર્ષ: ૨૦૨૪-૨૫ની ઓનલાઇન દરખાસ્ત **https://www.digitalgujarat.gov.in**મારફત કરવાની રહેશે.

૨. સદર યોજના હેઠળ ધો.૯ ની કન્યાઓને ઓનલાઈન પ્રપોઝલ બનાવવા "Cycle Scheme" મેનુમાં જઇ " Director Developing Caste Welfare" Option માં જઇ " Create Cycle Proposal" પર ક્લિક કરી, યોજના select કરીને show button પર click કરવાનું રહેશે. screen માં સદર Menu મા જોવા મળતી કન્યાઓની યાદીમાંથી કન્યાઓની પસંદગી કરી add to proposal from grid button પર click કરી પ્રપોઝલ create કરવાની રહેશે.

3. પ્રપોઝલ બન્યા બાદ ફરીથી "Cycle Scheme" મેનુમાં જઇ "Director Developing Caste Welfare" Option માં જઇ "Proposal Cycle Detalis" પર ક્લિક કરી, જે પ્રપોઝલ સેન્ડ કરવાની હોય તે પ્રપોઝલના તમામ વિદ્યાર્થીનીઓના જાતિના દાખલા/જાતિ પુરવાર કરતા કોઇ એક આધારભૂત પુરાવાની નકલ તેમજ તેઓના વાલીના આવકના દાખલાની નકલ અપલોડ કર્યા બાદ જ Cycle ની પ્રપોઝલ હાયર ઓથોરીટીને સેન્ડ કરી શકાશે જેની ખાસ નોંધ લેવી.

૪. સરસ્વતી સાધના યોજનામાં આચાર્યશ્રી ધ્વારા જે સાયકલની પ્રપોઝલ ઓનલાઈન સેન્ડ કરવામાં આવે, તે મંજૂર થાય ત્યારબાદ આચાર્યશ્રીઓએ સંબંધિત ધો. ૯ની કન્યાઓને સાયકલ વિતરણ કરવાની રહેશે.

૫.કન્યાઓને કઈ સાયકલ આપવામાં આવેલ છે તેની વિગતો પણ પોર્ટલ પર અપડેટ કરવાની હોય, સાયકલનો ચેસીસ નંબર, વિદ્યાર્થીનીને સાયકલ ક્યારે પુરી પાડી વગેરે શાળાની પ્રપોઝલ જ્યારે હાયર ઓથોરીટીએથી મંજૂર થઈ જાય અને સાયકલોનુ વિતરણ થઈ જાય ત્યારબાદ તેની વિગતો "Cycle Scheme" મેનુમાં જઈ "Director Developing Caste Welfare" માં જઈ "Update Cycle Detail" ઓપ્શનમાં જઈને અપડેટ કરવાની રહેશે. જિલ્લામાં કેટલી સાયકલો વિતરણ કરવામાં આવેલ છે તેની ચોકકસ માહિતી મેળવી શકાય.

૬.વર્ષ ૨૦૨૪-૨૫ અંતર્ગત રાજયની સરકારી અને ગ્રાન્ટ-ઈન-એઈડ માધ્યમિક શાળાઓમાં ધો. ૯ ની કન્યાઓને કેન્દ્ર પુરસ્કૃત PM YASASVI Pre Matric Scholarship યોજના હેઠળ શિષ્યવૃત્તિ આપવામા આવે છે. જેમાં આવક મર્યાદા રૂ.૨.૫૦ લાખ છે. PM YASASVI Pre Matric Scholarship યોજના હેઠળની તમામ કન્યાઓની સાયકલ માટેની દરખાસ્ત ઓનલાઈન મંગાવવાની થાય છે. પરંતુ કોઈ ટેકનીકલ કારણોસર કન્યાઓની Digital Gujrat Portal પર સાયકલની દરખાસ્ત ઓનલાઈન થઈ શકતી ન હોય તો આવી કન્યાઓની પણ દરખાસ્ત સંબંધિત શાળાઓએ ઓફલાઈન સ્વરૂપમાં જિલ્લા કક્ષાએ જમા કરાવવાની રહેશે.

૭. જેની સામે અત્રેની કચેરી ધ્વારા અમલિત સરસ્વતી સાધના યોજના હેઠળ સાયકલ સહાયની આવક મર્યાદા રૂ. ૬.૦૦ લાખ આમ, જે કન્યાઓના વાલીની આવક મર્યાદા રૂ.૨.૫૦ થી વધુ છે તેવી કન્યાઓની Digital Gujrat Portal પર સાયકલની દરખાસ્ત હાલ પુરતું ઓનલાઈન થઇ શકતી ન હોવાથી આવી કન્યાઓની દરખાસ્ત સંબધિત શાળાઓએ ઓફલાઈન સ્વરૂપમાં જિલ્લા કક્ષાએ જમા કરાવવાની રહેશે.

૮. ઉકત બન્ને કારણ સિવાયના અન્ય કોઈ ટેકનીકલ કારણોસર પાત્રતા ધરાવતી કન્યાઓની Digital Gujrat Portal પર સાયકલની દરખાસ્ત ઓનલાઈન થઈ શકતી ન હોય તો આવી કન્યાઓની પણ દરખાસ્ત સંબધિત શાળાઓએ ઓફલાઈન સ્વરૂપમાં જિલ્લા કક્ષાએ જમા કરાવવાની રહેશે.

૯. વર્ષ ૨૦૨૪-૨૫ અંતર્ગત સરકારી અને ગ્રાન્ટ-ઈન-એઈડ માધ્યમિક શાળાઓમાં ધોરણ-૯ની પાત્રતા ધરાવતી તમામ કન્યાઓની દરખાસ્ત જિલ્લા કચેરીએ મળી રહે તે બાબતે આચાર્યશ્રીએ સુનિશ્ચિત કરવાનુ રહેશે. તેમજ આપની શાળામાં ધો-૯ માં અભ્યાસ કરતી કન્યાઓ સાયકલ સહાયથી વંચિત રહેશે અને આ બાબતે કોઈ પ્રશ્ન ઉપસ્થિત થશે તો તેની આચાર્યશ્રીની અંગત જવાબદારી રહેશે. જેની ખાસ નોંધ લેશો.

૧૦. કોઈ શાળામાં પાત્રતા ધરાવતી કન્યાઓ અભ્યારા કરતી નથી તેવી શાળાઓએ NIL માહિતી જિલ્લા કચેરીએ જમા કરાવવાની રહેશે.

૧૧.મુળ ગુજરાતના વિકસતી જાતિના વિદ્યાર્થીનીઓ હોય તેની જ ઓનલાઇન દરખાસ્ત થાય તે બાબતની તકેદારી પણ આચાર્યશ્રીઓએ રાખવાની રહેશે

આમ, ઉક્ત બાબતને ટોચ પ્રાયોરીટી આપીને જિલ્લાની તમામ સરકારી અને ગ્રાન્ટ-ઈન-એઈડ માધ્યમિક શાળાઓના આચાર્યશ્રીઓએ દરખાસ્તો તાત્કાલીક મોકલવાની રહેશે.

જિલ્લા નાયબ નિયામક

વિકસતી જાતિ, સુરત

નકલ રવાના :- જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, વેબ સાઈટ પર મુકવા સારૂ

નકલ સવિનય રવાના:- નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ, ગુજરાત રાજ્ય ગાંધીનગર તરફ જાણ સારૂ